EDI

Navgujarat Samay

July 21, 2015
Page 7

# ગુજરાતમાંથી ૧૦૦૦ ઉદ્યોગ સાહસિકો સૂર્ય ઊર્જા ક્ષેત્રે સક્રિય થશે

**અમદાવાદઃ** આન્ત્રપ્રોન્યોરશીપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યુટ ઓફ ઇન્ડિયા (ઈડીઆઈ), એસ્પાયર ડિસરપ્ટિવ સ્કિલ ફાઉન્ડેશન તથા શ્રી જગન્નાથ કલ્ચરલ એકેડમી રિસર્ચ સેન્ટરે સોલર એનર્જી સેક્ટર માટે ૧૮મી જુલાઈએ ગુજરાતના રાજ્યપાલ ઓ.પી કોહલીની હાજરીમાં એમઓયુ સાઈન કર્યા હતા. ઇડીઆઈના ડિરેક્ટર સુનિલ શુક્લના જણાવ્યા મુજબ, "આ વર્ષે૧૦૦૦થી વધુ ઉદ્યોગ સાહસિકોને સૂર્ય ઉર્જા ઉત્પાદન માટેના ગેઝેટ બનાવવાના ક્ષેત્રે અથવા તો તેની પેનલો બેસાડવાના તથા મેઈન્ટેઈન કરવાના ક્ષેત્રે સક્રિય બનાવવામાં આવશે." ગુજરાત રાજસ્થાન પછી સૌથી વધુ સૂર્ય ઉર્જા ધરાવતું રાજ્ય હોવાને કારણે આ રાજ્યમાં પુનઃપ્રાપ્ય ઉર્જાના મહત્વના સ્રોત તરીકે સૂર્ય ઉર્જાનો વપરાશ થવો જડોઈએ તેમ જગન્નાથ કલ્ચરલ એકેડમીના વાઈસ ચેરેમેન એમ.સાહુએ જણાવ્યું હતું.